**C.C.No.** 1961/2025.

| | | |
|---|---|---|
| GJRJ050025872025 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૨૨/૦૮/૨૦૨૫. |
| | ફરિયાદ દાખલ તારીખ | ૨૨/૦૮/૨૦૨૫. |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૦૭/૦૮/૨૦૨૬. |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૦ ૧૧ ૧૫ |

= = = = ========================================

**જેતપુરના મહેરબાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**(શ્રી ડી.એમ.પરમાર) સાહેબની અદાલતમાં**
**મુકામઃ જેતપુરનાં સમક્ષ**

= = = = ========================================

**ક્રિમિનલ કેસ નં.૧૯૬૧/૨૦૨૫.**
**જે.સીટી.ગુ.ર.નં.૦૪૮૭/૨૦૨૫.**
**આંકઃ–**

**ફરિયાદીઃ–** શ્રી સરકાર.

**//વિરુદ્ધ//**

**આરોપીઃ–** જીતભાઈ મુકેશભાઈ મેર ઉ.વ.૨૯

રહે.જેતપુર કણકીયા પ્લોટ સ્ટેટ બેંક સામે,

જેતપુર જી.રાજકોટ.

========================================

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી આર.કે.વસાવા.
આરોપીઓ તરફે વિદ્વાન વકીલ ડી.એમ.વાઘેલા

========================================
========================================

**ગુનોઃ–** ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧) મુજબ.

========================================

## // ચુકાદો //

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૮/૦૮/૨૦૨૫ના કલાકઃ૨૦.૩૦ થી ૨૧/૦૦ વાગ્યા દરમ્યાન આ કામનાં આરોપીએ કોઈ પાસ પરમીટ કે આધાર વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં લથડીયા ખાતો મળી આવતાં, પ્રોહિબિશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની ફરિયાદ જેતપુર પો.સ્ટે. પ્રોહી.ગુ.ર.નં.૦૪૮૭/૨૦૨૫થી ગુનો રજિસ્ટર કરી હાલની ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ થયેલ છે.

(૨) આ કામે આરોપીને સમન્સ કરતાં આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી હાજર થતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી, આંક–૪ થી આરોપીની પ્લી લેતાં આરોપીએ તેના ગુનાનો ઈન્કાર કરતાં કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

**<u>મૌખીક પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી જૈવિકભાઈ વિજયભાઈ લીંબાણીની જુબાની | ૦૫ |
| ૨ | પંચસાહેદ ગોવિંદભાઈ લીલારામ મુલચંદાણીની જુબાની | ૦૭ |
| ૩ | પંચસાહેદ સવદાસ નાગજીભાઈ બાપોદરાની જુબાની | ૦૯ |

| | | |
|---|---|---|
| ૪ | ડો.સાહેદ સુશિલ પ્રકાશભાઈ મુલચંદાણીની જુબાની | ૧૧ |

<u>**દસ્તાવેજી પુરાવો**</u>

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૬ |
| ૨ | પંચનામું | ૦૮ |
| ૩ | ફોર્મ–એ | ૧૨ |
| ૪ | ફોર્મ–બી | ૧૩ |
| ૫ | ફોર્મ–સી | ૧૪ |

(૪) ફરિયાદપક્ષે પુરાવો પુરો થયેલાનું જાહેર કરતા બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમાં આરોપી પોતે નિર્દોષ છે એવું જણાવેલ છે અને ફરિયાદને ખોટી જણાવેલ છે.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, આ કામે ફૉર્મ–સી એફ.એસ.એલ.નો રીપોર્ટ રજુ કરેલ છે. જેમાં એફ.એસ.એલ. કચેરીના રીપોર્ટ મુજબ આરોપીના બ્લડ સેમ્પલમાં આલ્કોહોલનું પ્રમાણ નિયત પ્રમાણ કરતા વધુ જોવા મળેલ જે સૂચવે છે કે આરોપી નશા હેઠળ હતા. હાલનો આરોપી જાહેરમાં દારૂ પીધેલી હાલતમાં પકડાઈ ગયેલ હોય, સમાજમાં દાખલો બેસે અને દારૂની બદીને જડમૂળમાંથી કાઢી ફરજની કામગીરી પારદર્શક બને તે હેતુસર કડક શિક્ષા કરી આરોપીને દોષિત ઠરાવવા અરજ કરેલ છે.

તથા આરોપીપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, કોઈ સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલ નથી તેમજ પંચો પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી તેમજ લોહીનો નમુનો લેવામાં આવેલ છે તે બ્લડ ટેસ્ટ રૂલ્સની આદેશાત્મક જોગવાઈઓ મુજબ લેવામાં આવેલ નથી તે સંજોગોમાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) હાલના કેસના ન્યાયિક નિર્ણય માટે અત્રેની અદાલત સમરક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં.૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૧૮/૦૮/૨૦૨૫ના કલાકઃ૨૦.૩૦ થી ૨૧/૦૦ વાગ્યા દરમ્યાન આ કામનાં આરોપીએ કોઈ પાસ પરમીટ કે આધાર વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં લથડીયા ખાતો મળી આવતાં, આરોપીએ ધી પ્રોહિબિશન એકટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ શું આખરી હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

## <u>//નિર્ણય માટેનાં કારણો//</u>

(૮) કોઈપણ ફોજદારી પ્રક્રિયાની શરૂઆત અને ટ્રાયલ ચલાવવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામાં આવે છે. પ્રથમ અનુમાન આરોપીએ કરેલ ગુનામાં તેઓ નિર્દોષ છે અને આરોપી વિરૂદ્ધ કરવામાં આવતા આક્ષેપો નિઃશંકપણે એટલે કે શંકાથી પર પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની હોય છે. જે કોઈપણ સમયે ઓછી થતી નથી. તેની સાથે સાથે જે સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપતા હોય તે કોર્ટમાં સાચું બોલતા હોય તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવાનું હોય છે. વધુમાં, ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો આરોપીએ પુરાવાનાં કાયદાની કલમ-૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે. આરોપીએ અપવાદ માંહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી. આપણી માનનીય સર્વોચ્ચ અદાલતે જુદા જુદા ચુકાદાઓમાં પુરાવાઓનું વિશ્લેષણ કરવાનું માર્ગદર્શન આપેલ છે. માનનીય સર્વોચ્ચ અદાલતે આપણા દેશની ભૌગોલિક, આર્થિક, સામાજીક અને પરિસ્થિતિને અનુલક્ષીને સાહેદોની જુબાનીનું વિશ્લેષણ કરવું જોઈએ તે બાબતે માર્ગદર્શન આપેલ છે અને તે માર્ગદર્શન આપતાં માનનીય સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરેલ છે કે, એક અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે જોવાનું હોય છે કે, કોઈપણ નિર્દોષ માણસને સજા ન થાય પરંતુ તેની સાથે સાથે એ પણ જોવાનું હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલા ગુનાહીત કૃત્યમાંથી છટકી જવો

ન જોઈએ. નામદાર સર્વોચ્ચ અદાલતે એવી પણ ટકોર કરેલ છે કે, જયારે સાહેદ કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટીઘુંટીથી પરિચિત હોતા નથી. આવા સંજોગોમાં તેઓ બધી વખતે પોતાની જુબાનીમાં વિરોધાભાસ, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે જો ફરીયાદ પક્ષના કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી ન હોય તો તે અસંગતતા, વિસંગતતા અને અતિરેક દરગુજર કરવો જોઈએ પરંતુ, આવો અતિરેક કે વિસંગતતાના કારણે ફરીયાદપક્ષના કેસના મુળને અસરકર્તા હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ. કાયદાકીય ઉપરોકત સ્થિતિને ધ્યાનમાં રાખી ફોજદારી કેસોમાં પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય છે અને હાલના કેસમાં ઉપરોકત કાયદાકીય સ્થિતિને ધ્યાનમાં રાખી નીચે મુજબ રેકર્ડ ઉપરના પુરાવાઓનું મુલ્યાંકન કરેલ છે.

(૯) સદરહુ કામે રેકર્ડ પરનો પુરાવો જોતાં, આ કામે આંક–૦૭ થી પંચ સાહેદ ગોવિંદ લીલારામ મુલચંદાણીને તેમજ બીજા પંચસાહેદ સવદાસ નાગજીભાઈ બાપોદરાને આંક–૦૯થી સોગંદ પર તપાસવામાં આવેલ છે. ઉપરોક્ત પંચ સાહોદોએ તેઓના પુરાવામાં જણાવેલ છે કે, પોલીસે તેઓને તૈયાર કાગળમાં સહી કરાવેલી. સહિ કરવા સિવાય તેઓ બીજુ કાંઈ જાણતાં નથી. તેઓને એક પંચનામું બતાવવામાં આવેલ તે જોઈને કહે છે કે, તેમાં તેઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ. જેને પુરાવામાં રજૂ દાખલ આંક–૦૮ આપવામાં આવેલ. આમ, સદરહુ પંચ સાહેદ પંચનામાની

હકીકતને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવતા ન હોઈ વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. આમ, સદરહુ પંચ સાહેદોની જુબાની ઉપરથી પંચનામું સાબિત થયેલ માની શકાય નહિ તેમ આ અદાલતનું નમ્રપણે માનવુ છે.

(૧૦) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી ફરીયાદી જૈવિક વિજયભાઈ લીંબાણીનાઓને આંક-૦૫થી સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની ફરીયાદને સમર્થન કરતો સરતપાસનો પુરાવો રજૂ રાખે છે તથા આંક-૦૬ થી ફરીયાદ રજૂ રાખે છે. આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખે છે કે, સદરહુ ગુનાના કામમાં પહેલા પંચનામું કરવામાં આવેલ અને ત્યારબાદ ફરિયાદ આપવામાં આવેલ, પંચો બનાવવાળી જગ્યાની આજુબાજુનાં રહેવાસી નથી. વધુમાં સાહેદ એ વાત કબુલેલ છે કે, આલ્કોહોલ માપવાનું યંત્ર તેમની પાસે નથી, કહેવાતા ઈસમના કપડા ફાટેલા કે ગંદા ન હતાં, આ કામે તેઓએ ફરીયાદ આપ્યા સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી.

સદર ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ તેમના ફરજના ભાગરુપે કરેલ કામગીરી અન્વયેનો પુરાવો આપતાં હોય ત્યારે સદર ફરીયાદીના પુરાવા ઉપર આધાર રાખી હાલના આરોપીને દોષિત માની શકાય નહી.

(૧૧) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી સાહેદ ડો.સુશીલ પ્રકાશભાઈ મુલચંદાણીનાઓને આંક-૧૧થી સોગંદ પર તપાસવામાં આવેલ

છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, સરકારી હોસ્પિટલ જેતપુરમા તા–૧૮/૦૮/૨૦૨૫ ના રોજ મેડીકલ ઓફીસર તરીકે ઈમરજન્સી ફરજ પર હતાં ત્યારે રાતના ૧૦.૦૦ વાગે જે.સીટી. પો.સ્ટે.માંથી બ.નં– ૫૦૦૭ જૈવિકભાઈ વિજયભાઈ એક ઈસમ જેનું નામ જીતભાઈ મુકેશભાઈ મેરને તપાસ અર્થે લાવેલ હતાં. તેઓને તપાસતાં તેમના શ્વાસમાંથી આલ્કોહોલની વાંસ હતી, તેમની ભાષા સામાન્ય હતી તેમની ચાલ સ્થિર હતી અને આંખની કીકી પહોંળી થયેલ હતી. તેમનાં અભિપ્રાય મુજબ ઉપરોકત વ્યકતિએ આલ્કોહોલ લીધેલ હતો અને તે આલ્કોહોલની અસર તળે હતો. ઉપરોકત વ્યકિતના મીડલ કયુબાઈટલ વેઈન સ્ટરાઈલ વોટરથી કલીન કરી ડીસ્પોજેબલ સીરીંજ દ્વારા ૫ એમ.એલ જેટલુ બ્લડ લીધેલ હતું અને તેને એન્ટીકોગ્યુલંટ બ્લબમાં નાખેલ હતું. તે બ્લબને સારી રીતે શેક કરેલ હતો અને ઉપરોકત બલ્બને શીલ કરેલ હતું. આ પ્રક્રીયા સંદર્ભે તેઓએ ફોર્મ એ થી પ્રાથમીક તપાસ તથા લોહી લેવાની પ્રક્રીયા, ફોર્મ બી મુજબ કરી સદર લોહીનો નમુનો પૃથ્થકરણ માટે તા.૧૮/૦૮/૨૦૨૫ ના રોજ સીલ કરી એફ.એસ.એલ.ગાંધીનગર ખાતે મોકલી આપેલ. ઉપરોકત નમુના તા.૨૯/૦૮/૨૦૨૫ ના રોજ રીસીવ થયેલ હતું. તેમના દ્વારા તા.૧૨/૦૯/૨૦૨૫ના રોજ પૃથ્થકરણ કરવામાં આવેલ અને તેનો રીપોર્ટ તેમની કચેરીએ આવેલ. સદર રીપોર્ટ ફોર્મ સી તેમને મળેલ જે જોઈને કહે છે કે સદર લોહીના નમુનામાં ૦.૧૦૭૭ ગ્રામ પર્સન્ટેજ વેઈટ બાય વોલ્યુમ ઈથાઈલ આલ્કોહોલની માત્રા જોવા મળેલ.

તેમને ફોર્મ–એ, તથા ફોર્મ–બી, બતાવવામાં આવે છે જેમાં ફોર્મ–એ, ફોર્મ–બીમાં તેમની સહી સિકકો ઓળખી બતાવે છે અને ફોર્મ–સી એફએસએલ ગાંધીનગર તરફથી મળેલ રીપોર્ટ છે જે રજુ દા.આંક–૧૨,૧૩ અને ૧૪ આપવામાં આવે છે.

આરોપીપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખે છે કે, આંક–૧૨ વાળા ફોર્મ એ માં અંગુઠો કોનો છે તે દર્શાવેલ નથી, ફોર્મ–એ માં તેમની હોસ્પીટલનો સિકકો મારેલ નથી, તેમની પાસે જે વ્યકિત લાવવામાં આવેલ તેનું બ્લડ તા.૧૮.૮.૨૦૨૫ ના રોજ લેવામાં આવેલ તેમને ફોર્મ સી બતાવામાં આવે છે તેમાં અન્ય ૧૪ ફીયાલ બ્લડ સેમ્પલ મોકલવામાં આવેલ છે, તેઓએ મોકલેલ બ્લડ સેમ્પલ ગાંધીનગર ખાતે તા.૨૯/૮/૨૦૨૫ ના રોજ મળેલ અને તેનું પ્રૃથ્થકરણ તા.૧૨/૯/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ, કોઈપણ નમુનાનું પ્રૃથ્થકરણ સાત દીવસ બાદ કરવામાં આવે તો તેના પરીણામમાં ફેરફાર આવે, હાલના કેસમાં સાત દીવસ કરતાં વધારે સમય થયેલ છે.

(૧૨) આ કામે ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવાની હકીકતો વંચાણે લેવામાં આવે તો, આ કામે બ્લડ ટેસ્ટ રૂલ–૪ જોવામાં આવે તો રૂલ–૪ માં એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે, લોહીનો નમુનો લોહી લીધાથી સાત દીવસમાં ચકાસણી અધિકારીને મળી જવું જોઈએ. સદરહું કેસમાં આરોપીનું બ્લડ સેમ્પલ નિયત સમય મર્યાદામાં પહોંચી ગયેલ હોય તેવું આંક–૧૪ વાળા "સી" ફોર્મ થી સાબીત થતું નથી. **ફોર્મ એ** જોવામાં આવે તો

તા.૧૮/૮/૨૦૨૫ ના રોજ ડોકટરશ્રીએ તેમની તપાસણી કરેલ અને બ્લડ સેમ્પલ લેવાની કાર્યવાહી કરવામાં આવેલ ત્યારબાદ આંક–૧૫ ના ફોર્મ–બી મુજબ તા.૧૮/૮/૨૦૨૫ ના રોજ સદર સેમ્પલ સીલ કરવામાં આવેલ છે. **ત્યારબાદ આ કામે રજુ ફોર્મ–સી જોવામાં આવે તો સદર સેમ્પલ તા.૧૮/૮/૨૦૨૫ ના રોજ ફોરવર્ડ કરવામાં આવેલ છે જયારે તા.૨૯/૦૮/૨૦૨૫ ના રોજ સેમ્પલ રીસીવ કરવામાં આવેલ છે. એટલે કે સાત દીવસ કરતાં વધારે સમય બાદ સેમ્પલ મળેલ છે તેવું સ્પષ્ટ થાય છે.**

આ તબકકે **1990 (2) G.L.R.451 State of Gujarat Vs. Bapuji Savail** નામ.ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો વંચાણે લેતાં..The sample blood shall reach the Testing Officer within 7 days or its collection and that it shall be accompanied by a forwarding letter in Form B which shall bear a facsimile of the seal of the seal or monogram used for sealing the phial Lapses on these count held to be fatal to the prosecution.

આમ, આ કામે રજુ આંક–૧૪ જોતાં લોહીનો નમુનો સાત દીવસની અંદર પરીક્ષણ માટે મોકલતાં સાત દીવસમાં એફ.એસ.એલ.ને મળેલ નથી. તે સંજોગોમાં મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ ૧૯૫૯ ના રૂલ–૪ ની જોગવાઈ ધ્યાને લેવી જરુરી જણાય છે.

Rule-4 :-<u>Manner of collection and Forwarding of Blood.....</u>

(1) The Registered Medical Practitioner shall use a syringe for the collection of the blood of the person produced before him under rule-3. The syringe shall be sterilized by putting in the boiling water before it is used for the aforesaid purpose. He shall clean with 1% aqueous solution of mercurochrome or genitor violet not containing alchohol or it's solution the skin surface of that part of such person's body from which he intends to withdraw the blood. No alchohol shall be touched at any stage while withdrawing blood from the body of the person. He shall withdraw not less than 5 c.c. of venous blood in the syringe from the body of the person. The blood collected in the syringe shall then be transfered into a phial containing anti-coagulant and preservative and the phial shall then be shaken vigorously to dissolve the anti-coagulant and preservative in the blood. The phial shall be lebelled and its cap sealed by means of sealing wax with the official seal or the monogram of the Registered Medical Practitioner.

(2) The sample blood collected in the phial in the manner stated in sub-rule (1) shall be forwarded for test to the Testing Officer either by post or with a special messenger **so as to reach him within seven days from the date of its**

**collection.** It shall be accompanied by a forwarding letter in Form “B” which shall bear a fascimile of the seal or monogram used for sealing the phial of the sample blood.

આમ, મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ ૧૯૫૯ ના રૂલ–૪ ની જોગવાઈ ધ્યાને, તે જોગવાઈ મુજબ જે બ્લડ સેમ્પલ ફિયાલમાં રૂલ–૪(૧) મુજબ લેવામાં આવેલ હોય તે બ્લડ સેમ્પલ તે લીધાની તારીખથી સાત દીવસમાં ટેસ્ટ માટે ટેસ્ટીંગ ઓફીસરને મળી જાય તે રીતે મોકલી આપવાનું હોય છે.

આમ, મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ ૧૯૫૯ ના રૂલ–૪(૨) ની મેન્ડેટરી જોગવાઈ નો પણ ભંગ થયેલ હોવાનું સ્પષ્ટપણે રેકર્ડ પરથી સાબીત થાય છે.વધુમાં ફોર્મ સી જોવામાં આવે તો તા.૧૨/૯/૨૦૨૫ ના રોજ એનાલીસીસ કરવામાં આવેલ અને ફીયાલનાં કન્ટેનર સાથે બીજી ૧૪ ફીયાલ હતી તેવું જણાઈ આવે છે. ત્યારે તે તમામ ક્ષતિઓ ફરીયાદપક્ષના કેસ માટે ઘાતક(ફેટલ) સ્વરૂપની ગણાય.

(૧૩) વધુમાં, આ કામે રેકર્ડ ધ્યાને લેતા એ હકીકત પણ ફલીત થાય છે કે, આ કામે ફરીયાદ પક્ષે સદરહુ બનાવ અંગે ફરીયાદી, પંચસાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી અને ફરીયાદપક્ષ તરફે જે સાહેદોને તપાસવામાં આવેલ છે તેમની જુબાનીનું સમગ્ર પણે મુલ્યાંકન કરવામાં આવેતો એ હકીકત ફલીત થાય છે કે, આ કામે તપાસવામાં આવેલ માત્ર પોલીસ ફરીયાદીની જુબાની પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. તે તમામ સંજોગોમાં

સદરહુ પોલીસ ફરીયાદી તેમજ પંચસાહેદોની જુબાની કોર્ટનો વિશ્વાસ પ્રેરે તેવી જણાઈ આવતી ન હોય, તેઓની જુબાની પર આધાર રાખવાનું આ કોર્ટનુ ઉચિત જણાતુ નથી. આ તમામ બાબતો ફરીયાદપક્ષના કેસ બાબતે ઘાતક કહી શકાય અને આવા પુરાવા પર આધાર રાખી શકાય નહી. વધુમાં આ કામે તપાસેલ ડોકટરશ્રીએ તેમના પુરાવામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે કોઈપણ નમુનાનું પૃથ્થકરણ સાત દીવસ બાદ કરવામાં આવે તો તેના પરીણામમાં ફેરફાર આવે અને હાલના કેસમાં સાત દીવસ કરતા વધારે સમય થયેલાનું જણાવેલ છે. આમ,ઉપરના મુદાઓમાં ચર્ચા કરેલ મુજબ અને હાલના કામે રેકર્ડ ઉપર પડેલ તમામ પુરાવો જોતાં આરોપીને ગુના કામે સાંકળી શકાય તેઓ પુરાવો નિઃશંકપણે પુરવાર કરવા માટે પ્રોસી. પક્ષ તરફે રજૂ થયેલો તમામ પુરાવો પુરતો ન હોવાનુ સ્પષ્ટ બને છે. રજુ થયેલ રેકર્ડ પરના પુરાવા પરથી જયારે એ હકીકત સ્પષ્ટપણે ફલીત થાય છે કે,બોમ્બે પ્રોહિબિશન (મેડીકલ એકઝામિનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ–૧૯૫૯ના રૂલ–૪(૧) તથા(ર) ની મેન્ડેટરી જોગવાઈઓનું પાલન થયેલ નથી. આમ, આ કામેના પુરાવાઓ ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડતાં, મુદ્દા નં.૧ "નકારમાં" નિર્ણીત કરી મુદ્દા નં.ર પરત્વે આખરી હુકમ નીચે મુજબનો ફરમાવું છું.

**//આખરી હુકમ//**

- આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ–ર૪૮ (૧) અનવ્યે ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ– ૬૬(૧)

(બી), ૮૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીએ અગાઉ રજૂ કરેલ જામીનને અપીલ સમય સુધી ચાલુ રાખવા વિકલ્પે રૂ.૫૦૦૦/– ના જામીન રજૂ કરવા.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૦૭, માહેઃઓગષ્ટ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ૦૭/૦૮/૨૦૨૬.**

**મુકામઃ જેતપુર.**

**(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)**

**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**જેતપુર.**

**UIC–GJ**01563.

**Typed by:–** **k.m.vaja.guj.steno.**